સુસ્વાગતમ્ ૨૦૧૯

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૯૧ | ૧ જાન્યુઆરી, ૨૦૧૯, મંગળવાર; માગશર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વિશ્વભરમાં નવા વર્ષના વધામણા

**ન્યુઝીલેન્ડમાં ભારતીય સમય મુજબ ૪.૩૦ વાગે નવા વર્ષની શરૂઆત : યુરોપિયન દેશોમાં કરોડો રૂપિયાના ખર્ચથી આતશબાજી : નવા વર્ષના જશ્ન હવે આગામી બે-ત્રણ દિવસ સુધી ચાલુ રહેશે : ભારતમાં પણ ભવ્ય ઉજવણી**








નવી દિલ્હી, તા.૩૧ વર્ષ ૨૦૧૮ને પરંપરાગત રીતે આજે વિદાય આપવામાં આવી હતી. સાથે સાથે વર્ષ ૨૦૧૯ના નવા વર્ષની ઉજવણીનો દોર પણ શરૂ થઈ ગયો હતો. આ જશ્ન આગામી બે દિવસ સુધી ચાલુ રહે તેવી સંભાવના છે. સમગ્ર વિશ્વના દેશો જશ્નમાં ડુબી ચૂક્યા છે. સાંજ પડતાની સાથે જ કાર્યક્રમો વર્ષ ૨૦૧૮ને વિદાય આપવા અને ૨૦૧૯ને આવકારવા શરૂ થયા હતા જે હવે આગામી એક-બે દિવસ સુધી યથાવતરીતે ચાલુ જ રહેશે. નવા વર્ષે ન્યૂઝીલેન્ડમાં એન્ટ્રી કરી લીધી છે. ભારતીય સમય મુજબ સાંજે ૪.૩૦ વાગે ન્યૂઝીલેન્ડના સ્થાનિક સમય મુજબ નવા વર્ષની શરૂઆત થઈ ગઈ હતી. આ પ્રસંગે ન્યૂઝીલેન્ડના શહેર ઓકલેન્ડમાં શાનદાર આતશબાજી કરવામાં આવી હતી. ઓકલેન્ડના લોકો રાત્રિ ગાળા

● અનુસંધાન પાન-૭ પર

# ત્રિપલ તલાક મામલે રાજ્યસભામાં હંગામો

**વિપક્ષનું જિદ્દી વલણ : બિલને ચકાસણી માટે સિલેક્ટ કમિટિને મોકલવા માંગણી : મુસ્લિમ મહિલાઓના અધિકારોની સાથે જોડાયેલા મહત્વપૂર્ણ બિલને જાણી જોઇને લટકાવવા કોંગ્રેસ સહિતના વિપક્ષના પ્રયાસો છે : સરકારનો આક્ષેપ**

નવી દિલ્હી,તા. ૩૧ ત્રિપલ તલાક બિલ ઉપર વિરોધ પક્ષના કઠોર અને જિદ્દી વલણના કારણે આજે ચર્ચા હાથ ધરી શકાય ન હતી. કોંગ્રેસના નેતૃત્વમાં તમામ વિરોધ પક્ષોએ આ મામલાને સિલેક્ટ કમિટિને મોકલી દેવા માટે માંગ કરી હતી. વિરોધ પક્ષો તરફથી આ માંગણી યથાવતરીતે જારી રાખવામાં આવતા ગૃહને દિવસભર માટે મોકૂફ કરી દેવામાં આવ્યું હતું. વિરોધ પક્ષો અને શાસક પક્ષો મહત્વપૂર્ણ બિલને મુદ્દે રાજનીતિ રમવાનો એક બીજા ઉપર આક્ષેપ કર્યો હતો. વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદે કહ્યું હતું કે, આ બિલ ખુબ જ મહત્વપૂર્ણ છે. મુસ્લિમ મહિલાઓ સાથે જોડાયેલા આ મામલાને પસંદગી સમિતિ પાસે મોકલવામાં આવે તે જરૂરી છે. લોકસભામાં આ બિલને પસાર કરી દેવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## યુપીમાં જોડાણની જાહેરાત ટૂંકમાં થશે : અખિલેશ યાદવ

વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં માયાવતીનાં બહુજન સમાજ પક્ષ (બીએસપી) સાથેનાં જોડાણ અંગે વહેતી થયેલી અટકળો વચ્ચે સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવે કહ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં લોકો તેમજ વિચારોનો સંગમ જોવા મળશે અને જલદી જ બધું લોકોની સામે આવી જશે. રાજ્યમાં યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપને પરાજય આપ્યા બાદ અખિલેશ અને માયાવતી ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપે જ્યાં ૮૦માંથી ૭૩ બેઠક મેળવી હતી તે ઉત્તર પ્રદેશમાં ચૂંટણીજોડાણ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે.

## કોંગી અગ્રણી સજ્જન કુમારે શરણાગતિ સ્વીકારી

**શરણાગતિ સ્વીકાર્યા બાદ પૂર્વ દિલ્હીની જેલમાં : સજ્જનની ઘણી શરતો સ્વીકારાઈ**

નવી દિલ્હી, તા. ૩૧ ૧૯૮૪માં સીખ વિરોધી રમખાણના મામલામાં આજીવન કેદની સજા પામેલા પૂર્વ કોંગ્રેસી નેતા સજ્જન કુમારે આજે દિલ્હીની કડકડડૂમા કોર્ટમાં શરણાગતિ સ્વીકારી લીધી હતી. પૂર્વીય દિલ્હી સ્થિત મંડોલી જેલમાં ત્યારબાદ મોકલાનો આદેશ કરવામાં આવ્યો હતો. સજ્જનકુમારથી પહેલા બે અપરાધી મહેન્દ્ર યાદવ અને કિસન ખોખરે પણ શરણાગતિ સ્વીકારી લીધી હતી. કોર્ટે મહેન્દ્ર યાદવને કેટલીક છુટછાટ આપી હતી જેમાં ચાલવા માટેની લાકડી અને ચશ્મા જેલમાં લઈ જવાની મંજુરી આપી હતી. યાદવ અને ખોખરને ૧૦-૧૦ વર્ષની સજા કરવામાં આવી હતી. ૧૭મી સપ્ટેમ્બરના દિવસે દિલ્હી હાઈકોર્ટે સજ્જનકુમારને દિલ્હી કેમ્પ વિસ્તારમાં પાંચ શીખ લોકોની હત્યાના મામલામાં દોષિત ઠેરવ્યા હતા.

હાઈકોર્ટે કુમારને શરણાગતિ સ્વીકારવા માટે ૩૧મી ડિસેમ્બર સુધીની મહેતલ આપી હતી. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અદિતી ગર્ગ સમક્ષ શરણાગતિ સ્વીકારી લીધી હતી. કોર્ટે સજ્જનકુમારની સુરક્ષા સાથે સંબંધિત બાબતને સ્વીકારી લીધી હતી. તેમને એક અલગ વાહનમાં જેલમાં લઈ જવામાં આવ્યા હતા. સજ્જનકુમારે પોતે તિહાર જેલમાં રાખવા માટેની અપીલ કરી હતી પરંતુ આ માંગ ફગાવી દીધી હતી. મહેન્દ્ર યાદવ અને કિસન ખોખર બાદ સજ્જનકુમારે પણ શરણાગતિ સ્વીકારી લેતા આ મામલામાં વધુ તપાસ આગળ વધી રહી છે.

## સિલિન્ડરની કિંમતમાં ૫.૯૧ રૂપિયાનો ઘટાડો

**બિનસબસિડીવાળા ગેસ સિલિન્ડરમાં ૧૨૦નો કાપ**

નવી દિલ્હી, તા. ૩૧ એલપીજીની કિંમતમાં ઘટાડો કરવામાં આવતા સામાન્ય લોકોને ચોક્કસપણે નવા વર્ષમાં રાહત મળશે. આજે વર્ષ ૨૦૧૮ના અંતિમ દિવસે સબસિડીવાળા એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૫.૯૧ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આવી જ રીતે બિનસબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૨૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ફ્યુઅલની કિંમતમાં ઘટાડો થવાના લીધે ટેક્સ ઉપર અસર થતાં સતત બીજા મહિનામાં એલપીજી કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ફ્યુઅલ રિટેલર ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને કહ્યું છે કે, ૧૪.૨ કિલોગ્રામના સબસિડીવાળા સિલિન્ડરની કિંમતમાં ઉથલપાથલ જોવા મળી રહી છે. એલપીજી સિલિન્ડર સતત બીજી વખત સસ્તો થતાં રાહત થઈ છે. પહેલી ડિસેમ્બરના દિવસે સબસિડીવાળા સિલિન્ડરની કિંમત ૬.૫૨ રૂપિયા ઓછી થઈ ગઈ હતી. જૂનથી સતત છ મહિના સુધી રેટમાં વધારો થયા બાદ ઘટાડો થયો છે. આઈઓસીનું કહેવું છે કે, સબસિડી વગરના અથવા તો બજાર દર પર મળનાર એલપીજી સિલિન્ડરની કિંમત ૧૨૦ રૂપિયા ઘટી ગઈ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતોના આધાર પર ફેરફાર થઈ રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તેલ કિંમતોમાં પણ ઘટાડો જારી છે જેના ભાગરુપે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડાનો દોર વર્ષ ૨૦૧૮ના અંતિમ દિવસે પણ જારી રહ્યો હતો. આજે પેટ્રોલની કિંમત વર્ષ ૨૦૧૮ની સૌથી નીચી સપાટીએ પહોંચી હતી. તેલ કિંમતોમાં હજુ પણ ઘટાડો થઈ શકે છે.

## શેખ હસીના બાંગ્લાદેશમાં ચોથી વખત વડાપ્રધાન બનશે

**૩૦૦ સીટોમાંથી શેખ હસીના તેમજ સહયોગી પાર્ટીઓએ ૨૮૮ બેઠકો જીતી : વિપક્ષને મળી માત્ર સાત સીટ : હસીનાને દક્ષિણ પશ્ચિમી ગોપાલગંજ સીટથી જીત મળી : શેખ હસીનાને ૨,૨૯,૫૩૯ વોટ મળ્યા જ્યારે તેમના પ્રતિસ્પર્ધી બીએનપીના ઉમેદવારને માત્ર ૧૨૩ વોટ મળ્યા**

ઢાકા,તા.૩૧ વડાપ્રધાન શેખ હસીનાની અવામી લીગે



બાંગ્લાદેશના જનરલ ઈલેક્શનમાં સતત ત્રીજી વખત જીત મેળવી લીધી છે. મીડિયા રિપોર્ટ્સમાં જણાવ્યા પ્રમાણે હસીનાની અવામી લીગે ૩૦૦માંથી ૨૬૦ સીટ પર જીત મેળવી લીધી છે. તેમની મુખ્ય સહયોગી પાર્ટી જતિયા પાર્ટીને ૨૧ સીટો મળી છે. પ્રમુખ વિપક્ષી દળ નેશનલ યૂનિટી ફ્રન્ટ (એનયુએફ) અને તેની સહયોગી બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી (બીએનપી)ને માત્ર ૭ સીટો મળી છે.

જનરલ ઈલેક્શન દરમિયાન થયેલી હિંસામાં એક સુરક્ષાકર્મી સહિત ૧૭ લોકોના મોત થયા છે. વિપક્ષે ચૂંટમીમાં ગરબડી થયો હોવાનો આરોપ લગાવીને ફરી ચૂંટણી કરવાની માંગણી કરી છે. ૩૦૦માંથી ૨૯૯ સીટોના પરિણામ આવી ગયા છે. એક સીટ પર ઉમેદવારનું નિધન થયું હોવાથી તે સીટની ચૂંટણી સ્થગિત કરી દેવામાં આવી છે.

બાંગ્લાદેશ ચૂંટણી કમીશનના જણાવ્યા પ્રમાણે, હસીનાને દક્ષિણ પશ્ચિમી ગોપાલગંજ સીટથી જીત મળી છે. તેમને ૨,૨૯,૫૩૯ વોટ મળ્યા છે. જ્યારે તેમના વિરુદ્ધ બીએનપીના ઉમેદવારને માત્ર ૧૨૩ વોટ મળ્યા છે. એનયૂએઉ ગઠબંધનમાં બીએનપી, ગોનો ફોરમ, જતિયા સમાજતાંત્રિક દળ (જેએસડી), નાગોરિક ઓકાયા અને કૃષક શ્રમિક જનતા લીગમાં સામેલ છે.

એનયૂએફના સંયોજક કમલ હુસૈને કહ્યું કે, અમે ચૂંટણી પરિણામોનો સ્વીકાર કરતા નથી. અમારી પાસે દરેક સેન્ટરમાં થયેલા ગોટાળાનો રિપોર્ટ છે. અમારી ચૂંટણી પંચને માંગ છે કે, આ ચૂંટણીને તુરંત રદ કરવામાં આવે . બીજી બાજુ બીએનપીના જનરલ સેક્રેટરી મિર્ઝા ફખરુલ આલમગીરે આ ચૂંટણીને ક્રૂર મજાક ગણાવી છે.

ચૂંટણી પંચના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે સમગ્ર દેશમાં હિંસાની ૧૦૦ ફરિયાદ મળી છે. માનવામાં આવે છે કે, મૃત્યુ પામનાર લોકોમાં મોટાભાગના સત્તા પાર્ટીના કાર્યકર્તાઓ છે.

## ભારતમાં ઘૂસણખોરી કરતા પાકિસ્તાન બેટના બે સૈનિક ઠાર

**ભારતીય સેના વિરુદ્ધ મોટું ષડ્યંત્રણ રચવાના કાવતરાનો પર્દાફાશ : મોટા પ્રમાણમાં દારૂગોળો મળી આવ્યો : સેનાએ પાકિસ્તાનને કહ્યુ ઘૂસણખોરોના મૃતદેહ પાછા લઈ જાઓ : ઘૂસણખોરોએ પાક. સેનાનો પોષાક પહેર્યો હતો**

શ્રીનગર,તા.૩૧ જમ્મુ-કાશ્મીરના નૌગામ સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ભારતીય સેનાને એક મોટી સફળતા હાથ લાગી છે. સેનાએ પાકિસ્તાની સેનાનો પોષાક પહેરેલા ઘુસણખોરોને ઠાર કર્યા છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, આ ઘુસણખોરો પોતાની બર્બરતા માટે બદનામ પાકિસ્તાની બોર્ડર એક્શન ટીમ (મ્છ્)ના સભ્યો હતા અને ભારતીય સેના વિરુદ્ધ મોટું ષડયંત્ર રચવાની તૈયારીઓમાં જ હતા. ભારતીય સેનાના જડબાતોડ જવાબમાં બે પાકિસ્તાની સૈનિકો ઠાર થયા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની ઘુસણખોરો નિયંત્રણ રેખા પાસે આવેલા ઘનઘોર જંગલો અને પહાડી વિસ્તારોમાંથી ભારતીય સીમામાં પ્રવેશ કરી રહ્યા હતા અને તે જ સમયે પાકિસ્તાન તરફથી ભારે ગોળીબાર થયો. આ ઘુસણખરો જ્યારે ભારતીય સીમામાં પ્રવેશ કરતા હતા તે સમયે પાકિસ્તાની સેના દ્વારા જબરજસ્ત ગોળીબાર અને ભારે હથિયારો દ્વારા હુમલો કરવામાં આવી રહ્યો હતો જેથી ભારતીય સેનાનું ધ્યાન



ઘુસણખોરી કરનારા પાકિસ્તાની ઘુસણખોરો તરફ ન જાય.

આ ઘુસણખોરો પાસેથી મોટી માત્રામાં દારૂગોળો મળી આવ્યો છે. જેના પર પાકિસ્તાનની સેનાના નિશાન છે. જેના પર ઘુસણખોરોએ પાકિસ્તાની સેના દ્વારા યુદ્ધ દરમિયાન પહેરવામાં આવતો પોષાક પહેરી રાખ્યો હતો. તેમાંથી કેટલાક ઘુસણખોરોએ ભારતના બીએસએફ અને ભારતીય સેનાના જૂના પોષાક પર તેમનો યુનિફોર્મ પહેર્યો હતો. જો કે, હજી સુધી ભારતીય સેનાએ કુલ કેટલા પાકિસ્તની ઘુસણખોરો ભારતમાં આવ્યા હતા અને કેટલાને ઠાર કર્યા છે તે અંગે કોઈ સત્તાવાર માહિતી જાહેર નથી કરી. દરમિયાન સેનાનું કહેવું છે કે તેઓ પાકિસ્તાનને કહેશે કે પોતાના ઘુસણખોરોના મૃતદેહ પાછા લઈ જાઓ કારણકે તેમના પોષાક પરથી એવું લાગી રહ્યું છે.

કન્સ્ટ્રકશન
કન્સ્ટ્રકશનના કોઈપણ કામ માટે મળો
રોયલ બિલ્ડકોન
સંપર્ક
૯૩૭૭૭૭૯૩૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ ડે પાર્ટી, ગેટ ટુ ગેધર તથા શુભ પ્રસંગ માટે
તમામ પ્રકારના પ્રસંગો માટે વિશાળ ૧,૨૫,૦૦૦ સ્કવેરફુટનો મેક્શીકન લોન એરીયા
શિવમ્ કેટરર્સ એન્ડ રાજેશ્વરી ગ્રુપ & ઈવેન્ટ્સ
સિધ્ધી વિનાયક ફાર્મ & પાર્ટી પ્લોટ
૧૫૦૦ મહેમાનોની ક્ષમતા વાળો પાર્ટીપ્લોટ, ૫૦૦૦૦ સ્કવેરફુટ લોન એરીયા
ક-૭, રાંધેજા રોડ, વસંત વગડાની સામે, ગાંધીનગર.
www.shivalayfarm&partyplot.com | shivalayfarm&partyplot@gmail.com
૧૦૦૦ થી ૮૦૦૦ મહેમાનોની ક્ષમતા વાળો વિશાળ પાર્ટી પ્લોટ
ડિઝાઈન થીમ ડેકોરેટીવ એન્ટ્રી વિથ ફ્લાવર
વર-કન્યા પક્ષ માટે એ.સી. રૂમોની સગવડ
૮૦૦ થી વધારે કાર માટે પાર્કીંગ વ્યવસ્થા
ગાંધીનગર શહેરથી તદ્દન નજીક
અદ્યતન કિચન વ્યવસ્થા
બુકિંગ ચાલુ છે
આ બધી સુવિધા અમારા પાર્ટી પ્લોટના પેકેજમાં મળશે.
વાઘેલા ઘનશ્યામસિંહ એમ. 98250 22173 | વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. 98256 04575 | ચાવડા અનિરુધ્ધસિંહ 98981 85149
ક-૭, વસંતવગડોની સામે, ગાંધીનગર-રાંધેજા રોડ, ગાંધીનગર